# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

## ધોરણ ૧૨ માટેની નિદાન કસોટી

---

**વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046)** **કુલ ગુણ : 80**

**માધ્યમ : ગુજરાતી** **સમય : 3 કલાક**

---

સૂચનાઓ : (i) આ પ્રશ્નપત્રમાં A, B, C, D & E એમ પાંચ વિભાગો છે.

(ii) દરેક પ્રશ્નની સામે કૌંસમાં ગુણ આપેલ છે.

(iii) આપેલ સૂચના પ્રમાણે પ્રશ્નોના જવાબ લખવા.

## વિભાગ : A

1. **નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરીને લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.)** **(12)**

I. ધંધાની કાર્યક્ષમતાનો માપદંડ ક્યો છે ?

(A) નફો (B) સંચાલન (C) ઉત્પાદન (D) વેચાણ

II. નીચેના પૈકી ક્યો સિદ્ધાંત વીમાકરારના સિદ્ધાંતને અનુસરતો નથી ?

(A) સંપૂર્ણ ભરોસાનો સિદ્ધાંત (B) નુકસાન વળતરનો સિદ્ધાંત

(C) વીમાયોગ્ય હિતનો સિદ્ધાંત (D) નફાનો સિદ્ધાંત

III. ભારતની મધ્યસ્થ બૅંકનું નામ શું છે ?

(A) સ્ટૅટ બૅંક ઑફ ઇન્ડિયા (B) સેન્ટ્રલ બૅંક ઑફ ઈન્ડિયા

(C) રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા (D) બૅંક ઑફ ઈન્ડિયા

IV. અન્ય વ્યક્તિના મનમાં જરૂરી સમજ ઉત્પન્ન કરવા માટેની સમગ્ર પ્રક્રિયાને શું કહેવાય ?

(A) સંદેશો (B) માહિતીસંચાર (C) ઈ-મેઈલ (D) ઈ-કૉમર્સ

V. ક્યા સ્વરૂપમાં માલિક, સ્થાપક અને સંચાલક એક જ હોય છે ?

(A) સંયુક્ત સાહસ (B) સહકારી કંપની (C) સહકારી મંડળી (D) વૈયક્તિક માલિકી

VI. ભાગીદારી પેઢીમાં હાલમાં વધુમાં વધુ કેટલા ભાગીદારો હોય છે ?

(A) 20 (B) 30 (C) 15 (D) 50

VII. ભારતમાં હાલમાં ક્યો કંપનીધારો અમલમાં છે ?

(A) 1912 (B) 1932 (C) 1956 (D) 2013

VIII. કંપનીના સાચા માલિકો કોણ કહેવાય ?

(A) ઈક્વિટી શેર હોલ્ડર (B) પ્રેફરન્સ શેર હોલ્ડર (C) ડિબેન્ચર હોલ્ડર (D) બોન્ડ હોલ્ડર

IX. જથ્થાબંધ વેપારી અને ગ્રાહકો વચ્ચેની કડી એટલે . . . . .

(A) ઉત્પાદક (B) દલાલ (C) છૂટક વેપારી (D) ગ્રાહક

X. ક્યા પ્રકારની દુકાનોમાં મધ્યસ્થીઓ હોતા નથી ?

(A) ખાતાવાળી દુકાન (B) ટપાલ વ્યવહારી દુકાન (C) સંકળાયેલી દુકાન (D) જથ્થાબંધ વેપારીની દુકાન

XI. નિકાસકારને બિલ ઑફ લેડિંગ કોણ આપે છે ?

(A) વીમા કંપની (B) જહાજી કંપની (C) જહાજનો કપ્તાન (D) બૅંક

XII. ભારતમાં હૂંડીયામણ ઉપર કઈ બૅંકનું નિયંત્રણ છે ?

(A) સ્થાનિક બૅંક (B) વેપારી બૅંક (C) રિઝર્વ બૅંક (D) કૃષિ બૅંક

## વિભાગ : B

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.) (12)**

I. આર્થિક પ્રવૃત્તિ એટલે શું ?

II. વીમો એટલે શું ?

III. બૅંકનો અર્થ જણાવો.

IV. www નું પૂર્ણ રૂપ આપો.

V. વૈયક્તિક માલિકીમાં માલિકની જવાબદારી કેવી હોય છે ?

VI. કર્તા કોને કહે છે ?

VII. સહકારી મંડળીનો મુખ્ય ઉદ્દેશ ક્યો છે ?

VIII. રૂપાંતરણીય ડિબેન્ચર એટલે શું ?

IX. આંતરિક વેપારનો અર્થ આપો.

X. ટેલિમાર્કેટિંગ કેવી વસ્તુ કે સેવાના વેચાણ માટે ઉપયોગી છે ?

XI. આયાત એટલે શું ?

XII. સંજ્ઞા સમજાવો : (i) WTO (ii) SEZ

## વિભાગ : C

- **પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (12 માંથી ગમે તે 09) (દરેક પ્રશ્નના 2 ગુણ છે.) (18)**

3. રોજગારની કોઈપણ બે લાક્ષણિકતાઓ જણાવો.
4. ધંધાની સામાજિક જવાબદારીનો હેતુ એટલે શું ?
5. પાઈપલાઈન દ્વારા વહન કઈ પેદાશો માટે યોગ્ય છે ?
6. ઓવરડ્રાફ્ટ એટલે શું ?
7. ઈન્ટરનેટનો અર્થ આપો.
8. ઈ-કોમર્સનો અર્થ જણાવો.
9. 1932ના ભાગીદારી કાયદા મુજબ ભાગીદારીની વ્યાખ્યા લખો.
10. નામનો ભાગીદાર કોને કહેવાય ?

11. સહકારી મંડળીને લોકશાહીની તાલીમશાળા શા માટે કહે છે ?

12. સ્વેટ ઈક્વિટી શેર કોને કહેવાય ?

13. ફરતી દુકાનોના વિવિધ પ્રકારો જણાવો.

14. બિલઑફ લેડિંગ એટલે શું ?

## વિભાગ : D

- **પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (09 માંથી ગમે તે 06) (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** **(18)**

15. વેપાર અને વાણિજ્યનો તફાવત સ્પષ્ટ કરો.

16. નુકશાન વળતરનો સિદ્ધાંત સમજાવો.

17. ટૂંકનોંધ લખો. (i) કોલ-મની (ii) RTGS (iii) NEFT

18. ભાગીદારી પેઢીની લાક્ષણિકતાઓની યાદી લખો.

19. સહકારી મંડળીના ફાયદા જણાવો.

20. ઈક્વિટીશૅર અને પ્રેફરન્સશેર વચ્ચેનો તફાવત જણાવો.

21. ફ્રેન્ચાઈઝ વિશે ટૂંકનોંધ લખો.

22. છૂટક વેપારના ફાયદાઓ જણાવો.

23. નિકાસ વેપાર માટેના વિવિધ પ્રોત્સાહનોની ટૂંકમાં સમજ આપો.

## વિભાગ : E

- **પ્રશ્નોના વિસ્તાર પૂર્વક જવાબ આપો. (06 માંથી ગમે તે 04) (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **(20)**

24. ધંધાકિય જોખમ એટલે શું ? ધંધાકિય જોખમ ઉદ્ભવવાના કારણો જણાવો.

25. વખારના પ્રકારો જણાવી જકાતની દૃષ્ટિએ વખારના પ્રકાર વિશે માહિતી આપો.

26. બૅંકના કાર્યો સમજાવો.

27. નોંધણીનું પ્રમાણપત્ર મેળવવાની વિધી જણાવો.

28. મૂડીની જરૂરિયાત નક્કી કરતા પરિબળો સમજાવો.

29. આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્ત્વ સમજાવો.

* * *